# જિલ્લામાં ભાજપનો બે અને કોંગ્રેસનો ૩ બેઠક પર વિજય

**ભાજપે દહેગામ બેઠક કોંગ્રેસ પાસેથી આંચકી તો કોંગ્રેસે ગાંધીનગર (ઉ) બેઠક ભાજપ પાસેથી આંચકી લીધી : ત્રણ સભ્યો વિસર્જીત થતી વિધાનસભાના સભ્યોનો પરાજય થયો છે : બે પૂર્વ ધારાસભ્યોનો વિજય થયો છે : જિલ્લામાં કોંગ્રેસે ૩ બેઠક અને ભાજપે ૨ બેઠક જાળવી રાખી**

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લામાં વિધાનસભાની પાંચેય બેઠકોના પરિણામ આજે જાહેર થઈ ગયા છે જેમાં બે પૂર્વ ધારાસભ્ય વિજયી થયા છે જ્યારે વર્તમાન વિસર્જીત થતી વિધાનસભાના બે ધારાસભ્યોનો પરાજય થયો છે અને એક વર્તમાન ધારાસભ્ય તેમની સરસાઈમાં ભારે વૃદ્ધિ સાથે વિજયી થયા છે.

આજે સવારે ૮ વાગે કોલેજ કેમ્પસ ખાતે ચાંપતા અને સઘન બંદોબસ્ત વચ્ચે મતગણતરીનું કાર્ય આરંભાયુ હતુ. પ્રારંભમાં કોંગ્રેસ ગાંધીનગર (દ), કલોલ, ગાંધીનગર (ઉ) બેઠક પર સરસાઈ ધરાવતી હતી. તો ભાજપ માણસા અને દહેગામ બેઠક પર સરસાઈ ધરાવતા હતી.

જેમ જેમ મતગણતરી આગળ વધતી હતી તેમ તેમ કલોલમાં રસપ્રદ ચડાવ ઉતાર ઉમેદવારોની સરસાઈમાં જોવા મળતો હતો. એક તબક્કે કલોલ બેઠક પર ભાજપના ઉમેદવાર ૩૫૦૦થી વધુ મતે વિજયી થઈ રહ્યાના અહેવાલો સોશ્યલ મિડીયામાં વહેતા થયા હતા.

જો કે એ વેળાએ ૪ રાઉન્ડની ગણતરી બાકી હતી અને કોંગ્રેસના બળદેવજી ઠાકોરે બાજી પલ્ટી હતી અને તેઓ ૮ હજારથી પણ વધુ મતે વિજયી જાહેર કરાયા હતા.

ગાંધીનગર (ઉ) બેઠક પર ડૉ. સી.જે. ચાવડા પ્રથમ રાઉન્ડથી જ તેમના હરિફ ઉમેદવાર અશોક પટેલ પર સરસાઈ ધરાવતા હતા પરંતુ એક તબક્કે ડૉ. ચાવડાની સરસાઈ ઘટી જવા પામી હતી અને તે ૨૧૦૦ મત જેટલી જ રહી હતી. જો કે આ પછી પોસ્ટલ બેલેટ અને છેલ્લા બે રાઉન્ડમાં ડૉ. ચાવડાએ ૪૫૦૦થી વધુ મતે આ બેઠક ભાજપ પાસેથી આંચકી લીધી હતી.

ગાંધીનગર (દ) બેઠક પર કોંગીના ગોવિંદજી સોલંકીએ એક તબક્કે ભાજપના શંભુજી ઠાકોર પર ૧૧ હજાર મતની સરસાઈ પ્રાપ્ત કરી લીધી હતી પરંતુ આ પછી ચાંદખેડા-મોટેરાના બુથોની ગણતરી શરૂ થતાં પ્રથમ ૭૩ મતે સરસાઈ શંભુજીએ પ્રાપ્ત કરી હતી અને ૨૪માં રાઉન્ડ સુધીમાં તેમણે ૧૦ હજારથી વધુ મતની સરસાઈ પ્રાપ્ત કરી પોતાની બેઠક જાળવી રાખી હતી.











દહેગામ બેઠક પર ભાજપના બલરાજસિંહ ચૌહાણે પ્રથમ રાઉન્ડથી જ તેમના પ્રતિસ્પર્ધી કામિનીબા રાઠોડ પર સરસાઈ પ્રાપ્ત કરી હતી અને તેઓની તે સરસાઈ સતત વધતી રહી હતી. તેમણે કામિનીબા રાઠોડને ૧૦ હજારથી વધુ મતોથી હરાવી અને દહેગામ પાસેથી કોંગ્રેસની બેઠક આંચકી લીધી હતી.

જિલ્લાની ચૂંટણીમાં બન્ને પક્ષોના અસંતુષ્ટોએ પરિણામો પર તેમનો પ્રભાવ છોડ્યો છે. જો કે અંતિમ રાઉન્ડોમાં કોંગ્રેસે માણસાની બેઠક જાળવી રાખી હતી તેમજ આ બેઠક પર પક્ષપલ્ટો કરી ભાજપમાં જોડાયેલા અમીત ચૌધરીનો પરાજય થયો હતો.

જિલ્લાની પાંચેય બેઠકો પર અપક્ષો અને અન્ય પક્ષોના ઉમેદવારોનો દેખાવ નબળો રહ્યો હતો. જિલ્લાની પાંચેય બેઠક પર ૧૬,૯૬૫ મત નોટાને મળ્યા હતા. જે ૨૦૧૨ કરતાં વધુ છે જે ખુબ જ ચિંતાજનક બન્ને મુખ્ય સ્પર્ધક પક્ષો લેખી રહ્યા છે.

જિલ્લામાં આજે ૧૧ હજાર કરતાં વધુ પોષ્ટલ બેલેટ તંત્રને મળ્યા હતા અને જેને કારણે પરિણામો આવવામાં વિલંબ થયો હતો. ગાંધીનગર (ઉ) બેઠક પર ૧૨૧૧ અને માણસામાં ૨૨૬ મતો દહેગામ બેઠક પર ૧૬૬ મત રદ જાહેર થયા હતા. આમ ૧૭૦૦થી વધુ મત રદ થયા હતા તે પણ આ પરિણામોની નોંધનીય ઘટના છે. માણસા બેઠક પર તો બેલેટ પેપર ફાટેલી સ્થિતિમાં નીકળ્યા હતા.

આજની આ મતગણતરીની કામગીરી દરમ્યાન છ નિરીક્ષકો તેમજ કલેક્ટર સતીષ પટેલ, જિલ્લા વિકાસ અધિકારી દેવાંગ દેસાઈ સતત દરેક બેઠકની મતગણતરીની કામગીરી પર નજર રાખી રહ્યા હતા.

જિલ્લાની પાંચેય બેઠકોમાં ગાંધીનગર (ઉ) બેઠક કોંગ્રેસે ભાજપ પાસેથી આંચકી લીધી છે તો ભાજપે દહેગામની બેઠક કોંગ્રેસ પાસેથી આંચકી લીધી છે. આ બેઠકોના જંગમાં પૂર્વ ધારાસભ્યો ડૉ. સી.જે. ચાવડા અને સુરેશ પટેલ વિજયી થયા છે તો વિસર્જીત થતી વિધાનસભાના કામિનીબા રાઠોડ, અમીત ચૌધરી અને અશોક પટેલનો પરાજય થયો છે.

## જિલ્લામાં ભાજપને કોંગ્રેસ કરતાં ૯૩૦૮ મત વધુ મળ્યા

**સૌથી વધુ મત શંભુજી ઠાકોરને ભાજપમાં અને કોંગ્રેસમાં ગોવિંદ સોલંકીને મળ્યા : કામિનીબા રાઠોડ, અશોક પટેલ અને અમીત ચૌધરીનો પરાજય થયો**

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લામાં વિધાનસભાની પાંચ બેઠકોમાં ભાજપે કોંગ્રેસ કરતાં ૯૩૦૮ મત વધુ મેળવ્યા છે પણ તેના બે જ ઉમેદવાર વિજયી બન્યા છે. જિલ્લાની વિધાનસભાની પાંચેય બેઠકોની મતગણતરીને અંતે કેટલાક રસપ્રદ તારણો બહાર આવ્યા છે તે પૈકીનું આ પણ એક તારણ છે.

જિલ્લામાં બે પૂર્વ ધારાસભ્ય વિજય થયા છે તો વિસર્જીત થઈ રહેલી વિધાનસભાના બે વર્તમાન ધારાસભ્યોનો પરાજય થયો છે. માણસા બેઠકના ઉમેદવાર અમીત ચૌધરી ચાર મહિના અગાઉ રાજીનામુ આપી ચુક્યા હતા અને તેમનો પણ આ જંગમાં પરાજય થયો છે. માણસાની બેઠક પર જિલ્લાની સૌથી ઓછી સરસાઈથી પૂર્વ ધારાસભ્ય સુરેશ પટેલ વિજયી થયા છે. જિલ્લાની વિધાનસભાની પાંચ બેઠકોમાં સૌથી વધુ મત વિધાનસભાના ઉપાધ્યક્ષ અને વર્તમાન ગાંધીનગર (દ)ના ધારાસભ્ય શંભુજી ઠાકોરને મળ્યા છે.

શંભુજી ઠાકોરને ૧,૦૭,૪૮૦ મત મળ્યા છે. જ્યારે કોંગ્રેસના તદ્દન નવો ચહેરો અને યુવાન ઉમેદવાર ગોવિંદજી સોલંકીને ૯૫,૯૪૨ મત મળ્યા છે. જિલ્લામાં ભાજપને ૯૩૦૮ મત કોંગ્રેસ કરતાં વધુ મળ્યા છે. ભાજપને ૪,૦૭,૩૦૫ મત મળ્યા છે તો કોંગ્રેસને ૩,૯૭,૮૪૯ મત મળ્યા છે. ભાજપમાં સૌથી ઓછા મત ગાંધીનગર (ઉ)ના ઉમેદવાર અશોક પટેલને ૭૩,૪૩૨ મત મળ્યા છે. જ્યારે કોંગ્રેસમાં દહેગામના કામિનીબા રાઠોડને ૬૩,૫૮૫ મત મળ્યા છે. આ બન્ને વિસર્જીત થયેલ વિધાનસભાના સભ્યો હતા જે ઉલ્લેખનીય છે.

## જિલ્લામાં ૧૬,૯૬૫ મતદારોએ નોટાનો વિકલ્પ પસંદ કર્યો

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લાની પાંચ વિધાનસભા બેઠકમાં ૧૬,૯૬૫ મતદારોએ એક પણ ઉમેદવારને પસંદ કર્યા નથી.

દરેક બેઠક પર ૨૪૯૬ થી ૪૬૧૫ મતદારોએ ઉમેદવારોની પસંદગીને લઈ નારાજગી વ્યક્ત કરી છે. ગાંધીનગર (ઉ) બેઠક પર ૨૯૨૯ મત નોટાને મળ્યા હતા. તો ગાંધીનગર (દ) બેઠક પર ૪૬૧૫ મત નોટાને મળ્યા હતા. કલોલમાં ૨૪૯૬ મત નોટાને મળ્યા હતા. માણસા બેઠક પર ૩૦૦૦ મત અને દહેગામ બેઠક પર ૩૯૨૫ મત નોટાને મળ્યા હતા.

જિલ્લામાં ૧૬,૯૬૫ મત નોટાને મળતાં જિલ્લાના રાજકારણમાં ભારે ચર્ચા જગાવી છે.

## જિલ્લામાં સૌથી પાતળી સરસાઈ માણસામાં

**ત્રણ બેઠકોના પરિણામોએ તેમની મતગણતરીના અંતિમ રાઉન્ડોમાં ભારે રોમાંચ જગાવ્યો હતો : ભાજપના બે ઉમેદવારો ૧૦ હજારથી વધુ તો કોંગ્રેસના બે ઉમેદવારો ૧૦ હજારથી ઓછા મતોએ વિજયી થયા : માણસાના છેલ્લા બે રાઉન્ડમાં સુરેશભાઈ આગળ નીકળ્યા**

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લાની પાંચ બેઠકોમાંથી ત્રણ બેઠકો તેના અંતિમ રાઉન્ડોની સરસાઈને આધારે વિજેતા જાહેર કરાઈ હતી. જિલ્લામાં ૨૦૧૨ની જેમ એક બેઠક પર વિજેતા ઉમેદવાર ૬૦૦થી પણ ઓછા મતે વિજયી થયા હતા.

ગાંધીનગર (ઉ) બેઠક પર ડૉ. સી.જે. ચાવડા પ્રથમ રાઉન્ડથી જ સરસાઈ ધરાવતા હતા પરંતુ ૧૬મા રાઉન્ડની ગણતરીમાં તેમની સરસાઈ ઘટી હતી અને તે ૨૧૦૦ મત સુધી ગઈ હતી પરંતુ આ પછી પોષ્ટલ બેલેટમાં ૯૮૦ મતની સરસાઈ તેમને મળી હતી અને છેલ્લા રાઉન્ડમાં પણ તેમની સરસાઈ જળવાઈ રહી હતી અને ૪૬૦૦ થી વધુ મતે તેઓ વિજયી થયા હતા. ગાંધીનગર (દ) બેઠક પર પણ ૨૦ રાઉન્ડ સુધી કોંગ્રેસના ગોવિંદજી સોલંકી શંભુજી ઠાકોર પર સરસાઈ ધરાવતા હતા પરંતુ છેલ્લા ચાર રાઉન્ડમાં તેઓ સરસાઈ પ્રાપ્ત કરી લીધી હતી અને ૧૦ હજારથી વધુ મતે વિજય પ્રાપ્ત કર્યો હતો.

માણસા બેઠક પર પણ ૧૮ અને ૧૯મા રાઉન્ડમાં કોંગ્રેસના સુરેશ પટેલે ભાજપના અમીત ચૌધરી ઉપર સરસાઈ મેળવી હતી અને પાતળી સરસાઈ સાથે તેઓ સુરેશભાઈ વિજય થયા હતા.

૨૦૧૨ની ચૂંટણીમાં કલોલ બેઠકના ઉમેદવાર બળદેવજી ઠાકોર ૩૪૪ મતે વિજયી થયા હતા તો આ વખતે માણસાના ઉમેદવાર સુરેશ પટેલ ૫૨૪ મતે વિજય થયા છે. પાતળી સરસાઈથી ૨૦૧૨માં વિજેતા થનાર બળદેવજી ઠાકોરે તેમના પ્રતિસ્પર્ધી ડૉ. અતુલ પટેલને ૮ હજારથી વધુ મતે પરાજય આપ્યો છે. જિલ્લામાં પાતળી સરસાઈ સુરેશભાઈ પટેલને મળી છે જ્યારે ભાજપના બે ઉમેદવારો ૧૦ હજારથી વધુ મતોથી વિજયી બન્યા છે તો કોંગ્રેસના બે ઉમેદવારો ૧૦ હજાર કરતાં ઓછા મતોની સરસાઈથી વિજયી થયા છે.




Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com